PRI.C.C.F. & H.O.F.F.
G.S.GANDHINAGAR
25
INWARD No. 1583
Branch

"ઈકો ટુરિઝમ એડવાઈઝરી બોર્ડ" ની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક: વપસ/૧૧૧૩/એસએફ-૦૪/ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: /૦૯/૨૦૧૩
23 SEP 2013

વંચાણે લીધા:-

(૧) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી), ગુજરાત રાજ્ય, ગાંધીનગરની સિંગલ ફાઈલ ક્રમાંક: પર્યા.પ્રવા./૨૯/૨૦૧૨-૧૩ પરની તા. ૧૪/૦૪/૨૦૧૩ ની નોંધ.

## ઠ રા વ

ગુજરાત રાજ્ય પર્યાવરણ પરિસરની દ્રષ્ટિએ ખુબજ સમૃદ્ધ છે. રાજ્યમાં ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો, ૨૨ અભયારણ્યો, ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયા કિનારો તથા ૮૩૧ જેટલા વેટલેન્ડ આવેલા છે. જે રાજ્યમાં પરિસરીય પ્રવાસનના વિકાસ માટે ઘણીજ અનુકૂળતા પૂરી પાડે છે. આથી રાજ્યમાં આવેલ વિવિધ પરિસરીય પ્રવાસન સ્થળોનો વિકાસ કરવા અર્થે ગુજરાત સરકાર દ્વારા વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક: વપસ/૨૦૦૫/૧૭૬૪/ગ-૧, તા: ૩૧/૦૧/૨૦૦૭ થી 'ગુજરાત ઈકો ટુરિઝમ પોલિસી' બનાવવામાં આવેલ છે. આ ઈકો ટુરિઝમ પોલિસીમાં રાજ્યમાં ઈકો ટુરિઝમના વિકાસ માટે એક 'ઈકો ટુરિઝમ એડવાઈઝરી બોર્ડ' ની રચના કરવાનું ઠરાવવામાં આવેલ છે. જેના સંદર્ભમાં ઉપર વંચાણે લીધેલ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી) ની તા. ૧૪/૦૪/૨૦૧૩ ની નોંધથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે 'ઈકો ટુરિઝમ એડવાઈઝરી બોર્ડ'ની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબ 'ઈકો ટુરિઝમ એડવાઈઝરી બોર્ડ' ની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | માન. મંત્રીશ્રી, વન અને પર્યાવરણ | અધ્યક્ષ |
| ૨ | માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી, વન અને પર્યાવરણ | ઉપાધ્યક્ષ |
| ૩ | અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ | સભ્ય |
| ૪ | અગ્ર સચિવશ્રી, પ્રવાસન વિભાગ | સભ્ય |
| ૫ | અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ | સભ્ય |
| ૬ | મેનેજિંગ ડાયરેક્ટરશ્રી, ટી.સી.જી.એલ. | સભ્ય |
| ૭ | અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (એચ.ઓ.એફ.એફ.) | સભ્ય |
| ૮ | અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી) | સભ્ય |
| ૯ | વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી) | સભ્ય સચિવ |

૨...

આ ઉપરાંત સદરહુ બોર્ડમાં વિષય નિષ્ણાત ૨ (બે) નોન-ઓફિસિયલ સભ્યોને Co-opt કરવામાં આવશે. 'ઈકો ટુરિઝમ એડવાઈઝરી બોર્ડ' તરફથી રાજ્યમાં ઈકો ટુરિઝમના કાર્યક્રમના આયોજનની કામગીરી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એમ. ક્રિશ્ચિયન)
સંયુક્ત સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ (પ્રવાસન), સચિવાલય.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ટુરિઝમ કોર્પોરેશન ગુજરાત લિમિટેડ (ટી. સી. જી. એલ.).
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (એચ.ઓ.એફ.એફ.), ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય પ્રાણી), ગુજરાત રાજ્ય અરણ્ય ભવન, ગાંધીનગર.
- વન સંરક્ષકશ્રી (વાઈલ્ડ લાઈફ), ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર-વન અને પર્યાવરણ વિભાગ - IWDMS પર મૂકવા માટે
- સિલેક્ટ ફાઇલ (બ્રાન્ચ કલેક્શન)
- સંબંધિત નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઇલ.